અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિવિધ પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે તાલીમ આપવા માટેની યોજના બાબત.

# ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:-અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ:-૨૭/૧૨/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા-૭૯/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા-૭૬/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯, તા.૧૦/૦૩/૨૦૨૧ અને તા.૨૨/૧૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ

(૪) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૩/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૮/૨૦૨૧/૯૧૧૦

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૬/૦૮/૨૦૧૪ના ઠરાવથી અનુસૂચિત જાતિના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ NEET, JEE, PMT, ગુજકેટ, અને જીસેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે પરીક્ષાની પુર્વ તૈયારી માટે કોચીંગ સહાય આપવાની યોજના અને વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૦૮/૦૮/૨૦૧૪ના ઠરાવથી કેન્દ્રિયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા કેન્દ્રિયકૃત ભરતી પરીક્ષાઓની પુર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૦૩/૧૨/૨૦૧૯ અને તા.૨૨/૧૧/૨૦૨૧ ઠરાવોથી ઉક્ત યોજનાઓ માટે સંસ્થાઓના પાત્રતાના ધોરણો તેમજ શરતો નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી ઉક્ત યોજનાઓ માટે તા.૨૨/૧૧/૨૦૨૧ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ શરતો પૈકી શરત નં: (૬) રદ કરવા તેમજ જો કોઈ વિદ્યાર્થીએ જે તે શૈક્ષણિક વર્ષમાં કોઈ સંસ્થામાં અગાઉથી કોચિંગ શરૂ કરેલ હોય અને વિદ્યાર્થી યોજનાના ઠરાવની જોગવાઈ મુજબની પાત્રતા ધરાવતો હોય તેમજ કોચિંગ આપતી સંસ્થા પણ ઠરાવની જોગવાઈ મુજબના તમામ ધારાધોરણો પરિપૂર્ણ કરતી હોય તો તેવા વિદ્યાર્થીને પણ આ યોજનામાં આવરી લેવામાં આવે તે મુજબનો સુધારો ઉપર મુજબની યોજનાઓના ઠરાવમાં થઈ

આવવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) (૨) અને (3) પરના ઠરાવોથી અનુસૂચિત જાતિના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ NEET, JEE, PMT, ગુજકેટ, અને જીસેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે પરીક્ષાની પૂર્વ-તૈયારી માટે કોચીંગ સહાય આપવાની યોજના અને કેન્દ્રિયકૃત સ્નાતક અભ્યાસક્રમો આઈ.આઈ.એમ, નિફ્ટ, સેપ્ટ વિગેરે જેવી ઓલઈન્ડિયા લેવલની પરીક્ષાઓ તથા વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE, GMAT વગેરે પરીક્ષાઓની પૂર્વ-તૈયારી માટે તાલીમ આપવાની યોજનાઓ માટે વંચાણે લીધેલ ક્રમાંક : (3) પરના તા.૨૨/૧૧/૨૦૨૧ના ઠરાવથી જે શરતો નિયત કરવામાં આવેલ છે તે પૈકી શરત નં: (૬) આથી રદ્દ કરવામાં આવે છે તેમજ આ યોજનાઓ માટે "જો કોઈ વિદ્યાર્થીએ જે તે શૈક્ષણિક વર્ષમાં કોઈ સંસ્થામાં અગાઉથી કોચિંગ શરૂ કરેલ હોય અને વિદ્યાર્થી આ યોજનાઓના ઠરાવની જોગવાઈ મુજબની પાત્રતા ધરાવતો હોય તેમજ કોચિંગ આપતી સંસ્થાઓ પણ ઠરાવની જોગવાઈ મુજબના તમામ ધારાધોરણો પરિપૂર્ણ કરતી હોય તો તેવા વિદ્યાર્થીને પણ આ યોજનાઓમાં આવરી લેવાના રહેશે." આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાઓ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી (અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી (ક, ઇ, જ) શાખા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સિલેક્ટ ફાઇલ